RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૫ ● અંક : ૧ ● ૫ સપ્ટેમ્બર-૨૦૧૮ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● પાના - ૪

## ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈનો આત્મીય પરિચય

ત્રેતાયુગમાં એક મહાન ઋષિ થઈ ગયાં - શ્રી અષ્ટાવક્રમુનિ- તેમના આઠ અંગો વાંકા હતા, પરંતુ તેમનું મન અને આત્મા અત્યંત સાત્વિક અને પવિત્ર હતા. વિદેહી કહેવાતા રાજા જનકને પણ જેમણે "અષ્ટાવક્રગીતા"ના માધ્યમથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો એવા પરમજ્ઞાની મહર્ષિ અષ્ટાવક્રમુનિએ જાણે કળીયુગમાં ફરી અવતાર ધારણ કર્યો છે - પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈના રૂપમાં પોતાની તમામ શારીરિક મર્યાદાઓને ઓળંગીને મન અને આત્માની દિવ્ય ચેતનાને જાગૃત કરી લૌકિક અને અલૌકિક સિધ્ધિઓના શિખરને સ્પર્શી જનારાં ૐઋષિધર્મ અને આધ્યાત્મનો આધારસ્તંભ બની લાખો ધર્મપિપાસુ અને મુમુક્ષુઓની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બની ચૂક્યાં છે તેમજ બની રહ્યાં છે.

પારસમાં એક દૈવી ગુણ છે કે, એનાં સ્પર્શથી લોખંડ સુવર્ણમાં ફેરવાઈ જાય છે. ભગવાન શ્રી મહાવીર અને પૂર્ણબ્રહ્મ પરમાત્માની અસીમ કૃપા પ્રાપ્ત એવા ૐઋષિનાં દર્શનમાત્રથી, તેમણે પ્રદાન કરેલ મંત્ર તથા આશીર્વાદની અમોઘ શક્તિથી જે વ્યક્તિનાં ચહેરા પર દુઃખની કાલિમા છવાયેલી હોય છે, તેના જીવનમાં સુખની, આનંદની લાલીમા ફેલાઈ જાય છે. ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક તેમજ ચમત્કારિક પરિણામો આપી રહેલ ૐકાર ચાલીસાનું સર્જન કરનાર પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈની જીવનયાત્રા અત્યંત વિસ્મયકારી અને આશ્ચર્યની સાથે આનંદ ઉપજાવે એવી છે.

ખુદ ही को कर बुलंद इतना कि हर तकदीर से पहेले,
खुदा बंदे से खुद पूछे, बता तेरी रजा क्या है ?

આ મશહૂર શેરને તમે ઘણીવાર સાંભળ્યો, વાંચ્યો અને કહ્યો પણ હશે. પરંતુ ક્યારેય તમે એને વાસ્તવિક જીંદગીમાં હકીકત બનતો, તમારી આંખો સમક્ષ નિહાળ્યો છે ખરો ?

વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન ત્રણ વર્ષની ઉંમર સુધી બોલતા નહોતા શીખ્યાં. પ્રસિધ્ધ લેખિકા અને વક્તા હેલન કેલર ના તો જોઈ શકતી હતી, ના તો સાંભળી શકતી હતી. પોલિયોની બિમારીથી ગ્રસ્ત ફ્રેન્કલિન રુઝવેલ્ટ પહેલાં ન્યુયોર્કના ગવર્નર અને ત્યારબાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પણ બન્યા અને આ યુગના મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ્સ જે શારીરિક રીતે સંપૂર્ણપણે અક્ષમ છે, હંમેશા પોતાની વ્હીલચેરમાં બેસી રહેનારા હોકિંગ્સ આખું અંતરિક્ષ ખુંદી વળ્યા છે. અનેક ભૌતિકશાસ્ત્રનાં સિધ્ધાંતોની અણમોલ ભેટ તેમણે જગતને આપી છે. અધ્યાત્મ જગતની વાત કરીએ તો આપણાં ભારતમાં એક મહાન અધ્યાત્મવિભૂતિ શ્રીરામભદ્રાચાર્યજી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ચાર વેદથી લઈ હનુમાન ચાલીસા સુધી તમામ સનાતન ધર્મનાં ગ્રંથો તેમને કંઠસ્થ અને હૃદયસ્થ છે.



શારીરિક મર્યાદાઓ જેમને રોકી નથી શકતી, એવી મહાનતમ વ્યક્તિત્વોમાં એક એવા વ્યક્તિએ પોતાનું નામ અને સ્થાન સુનિશ્ચિત કર્યું છે જેમણે સફળતાના અનન્ય શિખરોને સર કર્યા છે. અગણિત લોકોના સ્નેહ અને સન્માન પ્રાપ્ત કર્યા છે અને સ્વયં પરમાત્માના સ્પર્શથી જેમનો આત્માનિજાનંદમાં સદૈવ નિમગ્ન રહે છે, એ છે પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈ...!

ગુજરાતના મહેસાણા જિલ્લાના બોકરવાડા ગામના વતની અને કાપડના બહુ મોટા-સક્ષમ કારોબારી શ્રી અશોકકુમાર હિંમતલાલ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રતિમાબેનના ઘરે તા. ૮ ફેબ્રુઆરી-૧૯૭૭ના અતિ શુભ દિને ૐઋષિ પ્રિતેશભાઈનો જન્મ થયો. સિલ્વર નહીં પણ ગોલ્ડન સ્પૂન સાથે જન્મેલા ૐઋષિ પ્રિતેશભાઈના જીવનમાં અગિયાર વર્ષની ઉંમરે એક અણધાર્યો વળાંક આવ્યો. લાખો વ્યક્તિઓમાં કોઈ એકને થનારી અત્યંત ગંભીર બિમારી- રુમોટોઈડ આર્થરાઈટિસ નામની બિમારીએ તેમને જકડી લીધાં. તમામ પ્રકારની દવાઓ, દુનિયાભરના ડોકટરોના ઉપચારો અને અન્ય તમામ પ્રકારની સારવાર બાદ પણ ૐઋષિ પ્રિતેશભાઈ આ અસહનીય બિમારીના પંજામાંથી મુકત ના થઈ શક્યા. આ ભયાનક બિમારીએ તેમને શારીરિક રીતે અસહાય બનાવી દીધા. ના તો તેઓ ચાલી શકતા અને ના તો પોતાના હાથે કંઈ ગ્રહણ કરી શકતા. આ કારમી શારીરિક પીડા જાણે એમનાં જીવનનો અભિન્ન હિસ્સો બની ગઈ. ત્રણ-ચાર વર્ષોની નિરાશા, હતાશા અને આંસુઓની કાળી રાતમાં ભટક્યા બાદ તેમના જીવનમાં સદ્ગુરુરૂપી સૂર્ય ઉદિત થયો. જેણે તેમને પીડાની છાતી પર પગ મૂકી ખુશીઓને હાંસલ કરવાનો માર્ગ દેખાડ્યો. એ હતા પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈના સદ્ગુરુ પ્રસિધ્ધ જૈન આચાર્યશ્રી મિત્રાનંદ સુરીશ્વરજી મહારાજશ્રી.

ગુરુદેવે ૐઋષિ પ્રિતેશભાઈને આત્મજ્ઞાન આપતાં કહ્યું કે, દુનિયામાં કોઈપણ વ્યક્તિ પરિપૂર્ણ નથી હોઈ શકતી. પૂર્ણ તો એકમાત્ર પૂર્ણબ્રહ્મ પરમાત્મા જ છે. કોઈનામાં શારીરિક તો કોઈનામાં બૌધ્ધિક અપૂર્ણતા હોય છે. પરંતુ મનુષ્યએ દ્રઢપણે નિશ્ચિત કરવું જોઈએ કે ઈશ્વરે તેને જે પણ કંઈ અલ્પ અથવા અધિક આપ્યું છે, તેને તે "પરિપૂર્ણ" બનાવે. જે કંઈ પરમાત્માએ આપ્યું છે તેને "કૃપા" માને અને જે નથી

## તંત્રી સ્થાનેથી....

પ્રિય વાંચકો મિત્રો....

"વિકલાંગ મિત્ર"નો "શિક્ષક દિન" પાંચમી સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ પંદરમા વર્ષનો પ્રથમ અંક આપના કરકમલમાં મૂકતાં આનંદ થાય છે. ગુજરાતના દિવ્યાંગ જગત માટે કોઈ વિશેષ સગવડ વગર નેવું ટકા દિવ્યાંગ દ્વારા એ પણ ગામડામાંથી આવું કામ કરવું કેટલું મુશ્કેલભર્યું હશે તે તો અનુભવી જ જાણી શકે છે. આમ છતાં હિંમત હાર્યા સિવાય તમે કામ કરો તો સફળતા જરૂર મળે છે, જે આ વાતનો પુરાવો છે. સર્વે સહકાર આપનાર સહયોગીઓનો "વિકલાંગ મિત્ર" આભાર માને છે.

વિકલાંગ મિત્રના શુભેચ્છક પરમ સ્નેહીશ્રી આશાબેન, વલસાડ (આશા-વિરેન્દ્ર) દ્વારા "હૈયે હામ- હાથે કામ"નામે ભુમિપુત્રમાં તા. ૧૬-૮-૨૦૧૮ના અંકમાં લેખ લખી આપણી પ્રવૃત્તિને સમાજ સમક્ષ મૂકી હતી. આ લેખને વાંચીને ઘણા શુભેચ્છક મિત્રો વિકલાંગ મિત્રને મળ્યા છે. શ્રી આશાબેનનો વિકલાંગ મિત્ર ખૂબ...ખૂબ...આભાર માને છે.

મહર્ષિ અષ્ટ્રાવક્ર મુનિની યાદ અપાવે એવું કામ ૐઋષિ પ્રિતેશભાઈ "ૐકાર સંપ્રદાય" દ્વારા કરી રહ્યા છે. ૐઋષિ પ્રિતેશભાઈ દિવ્યાંગ છે અને વ્હીલચેર ઉપર જ જીવન વ્યતિત કરી રહ્યા છે. તેમના જીવનકાર્યની માહિતી આપતાં અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

"મંથન" હાજીપુરના સંસ્થાપકશ્રી નીરૂબેન રાવલનો પરિચય આપતાં અમે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. શ્રી નીરૂબેનને સ્ત્રી મંડળ સાંતાક્રુઝ, મુંબઈના ૯૮મા સ્થાપના દિન નિમિત્તે શ્રીમતી ગંગાબેન પટેલ સમાજ સેવા સન્માન-૨૦૧૮ એનાયત કરી સન્માન કર્યું છે. વિકલાંગ મિત્ર હાર્દિક અભિનંદન પાઠવે છે.

કેન્દ્રીય મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતની ખાસ ઉપસ્થિતિમાં મહેસાણા ખાતે દિવ્યાંગોને ૨-૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૭૯૧ દિવ્યાંગોને ૧૪ પ્રકારની અલગ-અલગ ૪૨૭૨ સાધન સહાય મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતા. જિલ્લા વહીવટી તંત્ર તથા સંસ્થાઓને વિકલાંગ મિત્ર હાર્દિક અભિનંદન પાઠવે છે.

આમ મિત્રો દિવ્યાંગોના સમગ્ર વિકાસમાં આપણે સતત પ્રયત્નશીલ રહીએ એવી શુભકામનાઓ સાથે આવતા મહિને મળવાની તમન્ના સાથે અલવિદા...!

### પૂર્ણ વિરામ...

પહેલા જરૂરી છે એ કામ કરો. પછી જે શક્ય હોય તે કામ કરો. આ રીતે તમે અચાનક અશક્ય હોય તે કામ પણ કરવા માંડશો.

-બિશપ ટીડી જેક્સ




(પા.નં. ૧ ઉપરથી...)

મળ્યું તેમાં ઈશ્વરની "ઈચ્છા" સમજી તેનો શોક મનાવવાનું છોડી દે. પ્રારબ્ધમાં લખેલા કર્મોને જે હસતાં મુખે સહી લે અને પરમાત્માએ બક્ષેલી આવડતને વધુને વધુ અસરકારક બનાવી આત્મકલ્યાણ તેમજ જગત કલ્યાણ માટે કંઈક કરી છૂટે એ જ સાચા અર્થમાં મહાપુરુષ છે.

ગુરુદેવનાં વચનામૃતથી મૃતઃપ્રાય થયેલી ૐઋષિ પ્રિતેશભાઈની જીંદગીમાં ફરી એકવાર પ્રાણસંચાર થયો. ગુરુદેવે પ્રદાન કરેલ મંત્રની અવિરત સાધના અને ઉપાસનાથી ૐઋષિ પ્રિતેશભાઈએ પોતાના ભીતર છુપાયેલી આત્મશક્તિને ઢંઢોળીને જાગ્રત કરી દીધી. અમદાવાદમાં તેમણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું એટલું જ નહીં ૐઋષિ પ્રિતેશભાઈએ અનન્ય મનોબળ અને વિલક્ષણ બુધ્ધિપ્રતિભાના જોરે આઈ.એ.એસ.ની પ્રિલિમિનરી એક્ઝામ પણ પાસ કરી. જો ૐઋષિ પ્રિતેશભાઈ ઈચ્છત તો આઈ.એ.એસ. બનીને ઊંચી પોસ્ટ અને દબદબો મેળવી શકત, પરંતુ ગુરુદેવના સાંનિધ્યમાં રહીને નિરંતર સત્સંગ-જ્ઞાનોપદેશ ગ્રહણ કરતાં કરતાં ૐઋષિ પ્રિતેશભાઈ આત્મમંથન દ્વારા એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે, પરમાત્માએ તેમને કંઈક અલગ જ જીવનકાર્ય કરવા માટે આ પૃથ્વી પર મોકલ્યાં છે. વ્યક્તિગત સ્વાર્થને વિસારી દઈ તેઓ વિસ્તૃત રુપે સામાન્યજનોની, સમાજની, દુઃખીજનોની સેવા અને મદદ કરવામાં પોતાનું જીવન ન્યૌછાવર કરે એવી જગતનિયંતાની ઈચ્છા છે, ને એમના આ નિષ્કર્ષને મા પદ્માવતી દેવીએ "જનસેવા માટે જીવન સમર્પી દે" એવી આજ્ઞા સાથે દ્રઢિભૂત કર્યો.

ૐઋષિએ એક અતિમહત્વનો નિર્ણય લીધો. તમામ જ્યોતિષશાસ્ત્રોમાં અતિ સૂક્ષ્મ અને પ્રમાણભૂત મનાતા જૈન જ્યોતિષશાસ્ત્ર, જૈન વાસ્તુશાસ્ત્ર, જૈન મંત્રશાસ્ત્ર અને જૈન ઓરાશાસ્ત્રનો તેમણે ગહન અભ્યાસ કર્યો. ગુરુદેવના પ્રત્યક્ષ માર્ગદર્શનમાં રહી તેમણે તમામ ધર્મશાસ્ત્રો ઉપરાંત મુહર્તશાસ્ત્રનો પણ બારીકાઈથી અભ્યાસ કર્યો. લોકોકિત છે કે, પરમાત્મા એક હાથે લઈ લે છે તો સો હાથોથી આપે છે. આ કથન ૐઋષિનાં જીવનમાં યથાર્થ પુરવાર થયું. પ્રારબ્ધ કર્મોનુસાર ૐઋષિને ઈશ્વર તરફથી શારીરિક અક્ષમતા તો મળી પણ સામે પરમાત્માએ તેમને જૈન જ્યોતિષશાસ્ત્રમાં એવી અદ્વિતીય નિપુણતા પ્રદાન કરી જે આજે સમસ્ત જ્યોતિષ જગતમાં એક મિસાલ બનીને રહી ગઈ છે. જાણે કે, પરમાત્માએ ૐઋષિની છઠ્ઠી ઈન્દ્રિયના દ્વાર ઉઘાડી નાખ્યાં. જ્ઞાનરુપી ત્રીજું નેત્ર ખોલી નાખ્યું. ગુરુદેવના આશિષ, ભગવાન મહાવીરની કૃપા અને સ્વયંની આત્મશક્તિનાં ત્રિવેણી સંગમ સમા દિવ્યબળથી ૐઋષિ પ્રિતેશભાઈ આજે લૌકિક અને અલૌકિક બન્ને જગતની મહાન ઊંચાઈઓને સ્પર્શી રહ્યા છે.

પચાસ હજારથી પણ વધુ ભક્ત સમુદાયને ગુરુદેવના રુપમાં, બાપજીના રુપમાં કે મુનિબાપુ સ્વરુપે ૐઋષિ સાચા સંત અને સદ્‌ગુરુ બની સૌને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક- ત્રિવિધ તાપોની પીડામાંથી મુક્તિ અપાવી રહ્યા છે. "સેવા સમર્પણ ફાઉન્ડેશન"ના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે, ૐકાર સેવાદળના પ્રેરણાસ્ત્રોત તરીકે તથા અન્ય ઘણીબધી સામાજીક સેવા સંસ્થાઓનાં વિવિધ પદો પર બિરાજમાન ૐઋષિ જીવદયા ઉપરાંત વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. "કાર્ય સે ક્રાંતિ"એ એમનું મુખ્ય સૂત્ર છે. શ્રી પદ્માવતી નવગ્રહ પ્રત્યક્ષ પંચાંગનાં સંપાદક અને પંચાંગકર્તા તરીકે પણ ૐઋષિ જ્યોતિષ વિશ્વમાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે. ૐઋષિના પરિવારમાં માતાપિતા સહિત બે નાના ભાઈઓ કિંજલ અને મિહિર છે પણ આજે ૐઋષિનો પરિવાર ખૂબજ વિશાળ થઈ રહ્યો છે. દિન-પ્રતિદિન શ્રધ્ધાળુઓની સંખ્યામાં અનેક ગણો વધારો થઈ રહ્યો

(પા.નં. ૩ ઉપરથી...)

(અનુસંધાન પા.નં. : ૪ ઉપર..)

મંથનની વિકલાંગ બાળાઓની માતાતુલ્ય સેવાની સુવાસ ચોમેર પ્રસરાતી ગઈ. સંસ્થાના સ્થાપક નીરૂબેન રાવલ અને મંથનને સમાજ તરફથી સન્માન મળતા ગયા અને મળે છે. રાજ્ય અને રાષ્ટ્રીય સન્માન પણ મળ્યા. જેમાં ૨૦૦૮માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી રાજ્ય પારિતોષિક અને પ્રશસ્તિપત્ર, નવી દિલ્હીના ઈન્ટેલેકચ્યુઅલ ડેવલપમેન્ટ, ઈન્ટરનેશનલ બિઝનેશ કાઉન્સીલ નવી દિલ્હી તરફથી રાજીવ ગાંધી એક્સેલન્સ એવોર્ડ સહિત છત્રીસ જેટલા સન્માન અને પ્રશસ્તિપત્રો મળ્યા છે.

સમાજની અપંગ, મંદબુધ્ધિની કન્યાઓ માટે મમતા વરસાવતી મંથન સંસ્થાના રજતજયંતિ વર્ષ નિમિત્તે સત્યવતી જયગોપાલ અગ્રવાલ-વિશિષ્ટ બાળકોની શાળાના ભૂમિપૂજન પ્રસંગે ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ આશીર્વચનમાં જણાવ્યું કે આપણાં દૈનિક જીવનવ્યવહારમાં સૂર્ય સાથે હાયહલ્લો કરવાનું ઓછું થતું જાય છે. વેદોમાં સૂર્યને વિશ્વનો આત્મા કહ્યો છે. સવિતા સાથેના સંપર્કની ક્ષણો ઓછી થતી જાય છે. પરિણામે શરીરમાં વિટામીન ‘‘ડી’’ની ઉણપ વર્તાય છે. તે જ રીતે જીવનમાં પણ ઉત્સાહનો અભાવ આવે, જીવનમાં નિરાશાનું વાતાવરણ વધતું જાય છે. નિરાશા ખતરનાક રોગ છે. જીવનમાં જ્યારે નિરાશા, હતાશા વ્યાપી જાય ત્યારે મંથન જેવી સંસ્થાઓમાં એકાદ બે કલાક ગાળી આવવા જોઈએ...! આવી સેવાભાવી સંસ્થામાં જવાથી રસીકરણ થાય છે, અને આવા કાર્યક્રમો એ સામૂહિક રસીકરણના સમારોહ છે. સંસ્થાની અપંગ બાળાઓએ કરેલ નૃત્ય સંદર્ભે તેઓએ કહ્યું કે નૃત્ય કઠોરતાને કરૂણતામાં પરિવર્તીત કરે છે. વિશિષ્ટ કલા જેના અંગે અંગમાં છે તે વિકલાંગ...! સમાજે પંગુતામાંથી બહાર આવવાનું છે. આ સંસ્થાના સ્થાપક મેનેજીંગ ટ્રસ્ટી નીરૂબેન રાવલ ભલે જન્મદાત્રી ન હોય પણ તેઓ જીવનદાત્રી બન્યા છે...! નીરૂબેન તથા આ સંસ્થાના સમર્પિત નિષ્ઠાવાન કાર્યકરો સાચા અર્થમાં મંથન રૂપી મંદિરમાં બિરાજતા જીવતા દેવોની સેવા કરી રહ્યા છે, અને આંતરિક આનંદનું અમૃત પામી રહ્યા છે. જીવન માટેનો પ્રેમ એ પ્રભુ માટેનો પ્રેમ છે. અદમ્ય ઉત્સાહથી ભરાઈ જવું હોય તો મંથનમાં આંટો મારી જવો... રસીકરણ અને જીવનમાં આશાવાદનો સંચાર થશે. પ્રેમ, આનંદ અને કરૂણાનો સંદેશ આપનાર ઈસુના જન્મદિન નાતાલને તા. ૨૫-૧૨-૧૫ના રોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના અને અમદાવાદની સાવ પડોશમાં આવેલ હાજીપુર ગામે મંથન અપંગ કન્યા સેવા સંકુલના રજતજયંતિ વર્ષની ઉજવણી સમારોહમાં ઉપસ્થિત રહી દિવ્યાંગ-વિકલાંગ બાળાઓના ઉષ્માસભર ચહેરાઓના દર્શન કરવાનો અવસર સાંપડેલ... જીવનની ભાગ દોડમાંથી ક્યારેક ફૂરસદ મળે તો એખાદ આંટો મંથનમાં મારવા જેવો ખરો...! આંટો મારશોને...?

શ્રી નીરૂબેન રાવલ, મે.ટ્રસ્ટીશ્રી, મંથન અપંગ કન્યા સેવા સંકુલ, મુ. હાજીપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર, પી.નં. ૩૮૨૭૨૧, મો. ૯૯૨૮૬૪૭૨૬૫

(પા.નં. ૨ ઉપરથી...)

છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું કથન છે, ‘‘મારું જીવન એ જ મારો સંદેશ’’ ૐઋષિ પ્રિતેશભાઈ પણ પોતાના જીવનના માધ્યમથી અગણિત લોકોને પ્રેરણા અને ઉત્સાહ પૂરો પાડી રહ્યા છે. હતાશા અને નિરાશાના વમળમાંથી બહાર નીકળી કઈ રીતે સિધ્ધિઓની ટોચે બિરાજી દુનિયાભરમાં ડંકો વગાડી શકાય એનું જ્વલંત ઉદાહરણ બની ચૂકેલા ૐઋષિ પ્રિતેશભાઈ પાસે લૌકિક સુખોને ભોગવતાં ભોગવતાં કઈ રીતે અલૌકિક- આધ્યાત્મિક પથ પર અગ્રસેર થઈ પરમાનંદ પ્રાપ્ત કરી શકાય તેની ગુરુચાવી મોજુદ છે. આ ઉદ્દેશોને સિધ્ધ કરવા ૐઋષિ પ્રિતેશભાઈએ ૧૯૯૬માં અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે ‘‘ૐકાર સંપ્રદાય’’ની સ્થાપના કરી. ૐઋષિ પ્રિતેશભાઈ દ્વારા દિવ્યાંગોની પણ વિશિષ્ટ રીતે સેવા કરવામાં આવે છે.

અસીમિત જિજ્ઞાસુઓ-મુમુક્ષુઓ અને ભૌતિક સુખવાંચ્છુઓ માટે રાતદિવસ, અવિરતપણે ક્રિયાન્વિત રહેવા છતાંયે નિજાનંદમાં-પરમાનંદમાં અહર્નિશપણે આકંઠ ડૂબેલા રહેતા ૐઋષિ પ્રિતેશભાઈનાં ચરણકમળમાં કોટિ કોટિ વંદન...

સંપર્ક સેતૂ :- ૐકાર ફાઉન્ડેશન, ગ્રાઉન્ડ ફ્લોર, અગ્નિ ફ્લેટ, ન્યુ વિકાસ ગૃહ રોડ, અશોકનગર પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, મો.નં. ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭ ●

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ‘‘વિકલાંગ મિત્ર’’ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029** , **IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે. **PAN CARD - AQRPP1814A**

તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨**
**viklangmitra@yahoo.com**
**viklangmitra@gmail.com**



# મંથન : મંદબુધ્ધિ અને વિકલાંગ કન્યાઓ માટે મમતાનું ઝરણું

આલેખન : કિરણ ચાંપાનેરી "સેતુ", મો. ૯૬૬૨૮૩૩૨૬૮

## મનોમંથનમાંથી જેનું નિર્માણ થયું તે મંથન...!

ખરેખર આજથી પચ્ચીસ વર્ષ પહેલા એક મહિલાના મનમાં સમાજની વિરૂપતા જોઈને ગડમથલ શરૂ થયેલ. કડીની મમતા કેન્દ્રની હાઈસ્કુલના પ્રિન્સીપાલ તરીકે નીરૂબેન રાવલ નોકરી કરે. મમતા કેન્દ્રમાં એક વિધુર પિતા તેની અપંગ દીકરીને લઈને મુકવા આવ્યા, પણ મમતા કેન્દ્રમાં માત્ર છોકરાઓને જ દાખલ કરવામાં આવતા હોઈ નીરૂબેને તેમને ના પાડી. જેવી ના પાડી કે તેવી જ એક થપ્પડ પિતાએ દીકરીને મારી... દીકરીને કેમ થપ્પાડ મારી...? એમ નીરૂબેને પૂછ્યું તો કહે આ લંગડી મરતી નથી અને મને બીજું બૈરું મળતું નથી. આ લંગડીને કોઈ સંસ્થાવાળા સંઘરે તો મને કોઈ પરણવા તૈયાર થાય..આ છે સ્વાર્થી સમાજની વિરૂપતા...!

લાફો તો પેલી છોકરીના ગાલ પર પડ્યો હતો પણ તેની ચચરાટી અને વેદના નીરૂબેનના માનસપટ પર થઈ... બાપ દીકરીને લઈ તેઓ અમદાવાદની સંસ્થામાં ગયા. પણ દીકરીને સંસ્થામાં દાખલ કરવાની ભલામણના પ્રતિભાવમાં સલાહ મળી કે- અહીં આવ્યા છો એના કરતાં તમે જ જાતે અપંગ છોકરીઓ માટે જુદી સંસ્થા ઊભી કરી જુઓને...! પછી ખબર પડે કે કેટલી વીસે સો થાય છે...?

પેલી દીકરીના ગાલ પર પડેલ થપ્પડ અને કેટલી વીસે સો થાય...નો વિચાર નીરૂબેનના મનમાં ધુમરાતો રહ્યો... મનોમંથન શરૂ થયું. અપંગ છોકરીઓ માટે કંઈક કરવું. આ મનોમંથનમાંથી ૧૯૯૧માં હાજીપુર ગામમાં મેનાબા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત મંથન અપંગ કન્યા સેવા સંકુલનો પ્રારંભ થયો. તેમના આ સેવા કાર્યમાં અમદાવાદના સોનલ ઈન્ડસ્ટ્રીઝના અને મૂળ સૌરાષ્ટ્રના શ્રી ગીરીશભાઈ પટેલના આર્થિક સહયોગ સાંપડ્યો. ગામની ખેતરાઉ જમીનમાં ગારમાટીના કુબામાં સાત અપંગ બહેનોથી મંથનની પ્રવૃત્તિના શ્રીગણેશ થયા. સરકારની કોઈ સહાય વગર મુશ્કેલીમાં પણ આ સંસ્થા પાંગરતી ગઈ. પહેલા જ વર્ષે એકવીસ છોકરીઓની સંખ્યા થઈ ગઈ. પાકા મકાન તો હતો નહીં. એટલે ત્રણ માટીના કુબા બનાવી કામ ચલાવ્યું. પછી તો વિકલાંગ દીકરીઓની માતાતુલ્ય સેવા અને કાળજી રાખતી મંથન સંસ્થાની સુવાસ પ્રસરતી ગઈ.

આજે તો મંથન સંકુલમાં ગુજરાતભરમાંથી વિકલાંગ,લકવાગ્રસ્ત, અંધ, બહેરી-મૂંગી અને મંદબુધ્ધિની ત્રણસો બાળાઓ શિક્ષણ લઈ રહી છે. મંથનમાં નીરૂબેન તરફથી માની હૂંફ અને ગીરીશભાઈ તરફથી મામાનું



વાત્સલ્ય વરસે છે. આજે તો સમાજના શ્રેષ્ઠી દાતાઓની અમી વર્ષાને પરિણામે મંથનમાં વિકલાંગ દીકરીઓને રહેવા માટે સરસ પાકા આવાસની સુવિધાનું સર્જન થયું છે. પ્રારંભમાં તો બાળાઓને શિક્ષણ માટે ઊંટગાડીમાં બેસીને નજીકની શાળાએ જવું પડતું. આજે તો મંથનમાં જ ધોરણ-૧ થી ૧૦ સુધીના અભ્યાસ માટે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષણ મળતું થયું છે. ધોરણ-૧૧ તથા ૧૨ અને કૉલેજના અભ્યાસ માટે સંસ્થાના વાહન દ્વારા બાળાઓ કલોલ જાય છે.

દરેક વ્યક્તિમાં કલાકાર અને કલાકારીગરી પડેલી જ હોય છે. અહીંની બાળાઓને ભરત-ગુંથણ, સિવણ અને અન્ય ગૃહઉદ્યોગની તાલીમ અપાય છે. આ તાલીમ ભવિષ્યમાં સંસારજીવનમાં ડગ માંડે ત્યારે પગભર થવામાં તેમને ખપમાં આવે. કોમ્પ્યુટર સેન્ટરમાં બાળાઓ કોમ્પ્યુટરની અદ્યતન ટેકનોલોજીનું જ્ઞાન મેળવે છે. મંથન આરોગ્ય કેન્દ્રમાં બાળાઓને તથા આસપાસના ગામના લોકોને સારવાર - સુવિધા મેળવે છે. પોલિયો ઑપરેશન પહેલા અને તે પછીની સારવાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં મેળવે છે. આ સેન્ટરનો લાભ ગ્રામજનો પણ લે છે. તનની તંદુરસ્તીની સાથોસાથ મનની માવજત માટે મા નંદુ પ્રાર્થના મંદિરમાં દૈનિક સવાર સાંજ સમૂહ પ્રાર્થના અને ધ્યાન યોગ શિબિરોનનું આયોજન થાય છે.

ત્રણ માટીના કુબાથી શરૂ થયેલ સંસ્થામાં આજે તો અપંગ બાળકોની પ્રાથમિક શાળા, કન્યા વિદ્યાલય, કન્યા ગૃહ-છાત્રાલય, અંધ બાળાઓ માટે છાત્રાલય, માનસિક ક્ષતિવાળી બાળાઓ માટે માનું ઘર તથા તેમની શાળા, મા નંદુ પ્રાર્થના મંદિર, ફિઝીયોથેરાપી સેન્ટર અને આરોગ્ય કેન્દ્ર, ઉદ્યોગ ખંડ, પ્રજ્ઞાચક્ષુ બાળાઓનો સંગીત હોલ-ગોરખમઢી અને જરૂરિયાતવાળી ઉંમર લાયક બહેનો માટે નારી કેન્દ્ર પણ ખરું. આ નારી કેન્દ્રનો હેતુ નિવૃત બહેનોને એકલવાયું ન લાગે અને સંસ્થાની બાળાઓને માતૃતુલ્ય પ્રેમ અને હૂંફ મળી રહે ! સંસ્થાની બાળાઓને ગાયનું શુધ્ધ દૂધ ઘી છાશ મળી રહે તે હેતુસર ગૌશાળા પણ ખરી.

(અનુસંધાન પા.નં. : ૩ ઉપર..)

અંકના સૌજન્ય દાતાશ્રી જયાબા સોમાણી પરિવાર ટ્રસ્ટ-અમદાવાદ, હસ્તે- નટવરલાલ સોમાણી

Book-Post Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

From :

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર

મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,

મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨

viklangmitra@yahoo.com

www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA